**સમય સંદેશ**

પ્રોપર્ટી લે-વેચ, પ્રોડક્ટ, રોજગાર, જાહેર નોટીસ,વકીલ નોટીસ, પ્રેસનોટ, નામ ચેન્જ જેવી દરેક પ્રકારની જાહેરાત આપવા માટે

**સમય સંદેશ કાર્યાલય**

૫૩૬-પાંચમો માળ, ઈન્દ્રપ્રસ્થ, પંચેશ્વર ટાવર રોડ, જામનગર-૩૬૧૦૦૧

મો.૮૮૬૬૦૬૬૦૬૦

સમય તમારો, સંદેશ અમારો...

# સમય સંદેશ

શ્રાવણ વદ - ૧૦ ■ તંત્રી : અશોક એલ.રાઠોડ ■ સહ તંત્રી : રાજેશ એ.રાઠોડ

સમગ્ર ગુજરાતમાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું જામનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક અખબાર

**આજનો સુવિચાર**

વરસાદ પહેલાં છત્રી ખોલવાનો કોઈ અર્થ નથી, તેવી જ રીતે કાલ્પનિક મુસીબતો માટે પેહલાથી ચિતા કરવાનો કોઈ અર્થ નથી!

વર્ષઃ ૧૧ ● અંકઃ ૨૬૩ ● તારીખઃ ૨૨.૦૮.૨૦૨૬, શનિવાર ● પાનાઃ૪ ● કિંમત રૂા. ૨.૫૦ ● SAMAY SANDESH DAILY MORNING NEWS PAPER ● POSTING: JAMNAGAR STG

E-MAIL: samaysandeshnewstv@gmail.com ● RNI NO. GUJ GUJ/2015/64531 ● POSTAL REGISTERED NUMBER GJN-228 ● OFFICE MOB. NO. 8866066060

## ભાવનગરના લઠ્ઠાકાંડ બાદ ગુજરાતમાં ઠેર-ઠેર આંદોલનો...

જામનગરનો અહેવાલ પાના નં.૪ પર










ભાવનગરમાં કથિત ઝેરી દારૂ પીવાથી ૯ લોકોના મોત અને ૪૫થી વધુ લોકો હોસ્પિટલમાં સારવાર હેઠળ હોવાની ઘટનાના ઘેરા પ્રત્યાઘાતો સમગ્ર રાજ્યમાં પડ્યા છે. રાજ્યમાં કાગળ પર ચાલતી દારૂબંધી અને કાયદો-વ્યવસ્થાની નિષ્ફળતા સામે વિપક્ષ કોંગ્રેસે જામનગર, ભાવનગર, વડોદરા, મહેસાણા, જૂનાગઢ, પાટણ અને વાવ-થરાદ સહિતના શહેરોમાં ઉગ્ર ધરણાં, સૂત્રોચ્ચાર, રસ્તા રોકો અને ચક્કાજામ જેવા આક્રમક કાર્યક્રમો યોજીને રાજ્યવ્યાપી વિરોધ નોંધાવ્યો છે. જામનગરમાં પૂર્વ સાંસદ વિક્રમ માડમે તમામ જિલ્લાના જઉ અને ગૃહમંત્રીને કડક અમલવારી અંગે ખુલ્લી ચેલેન્જ ફેંકી હતી, તો ભાવનગરમાં ધારાસભ્ય જીગ્નેશ મેવાણી અને વડોદરા-મહેસાણાના નેતાઓએ હર્ષ સંઘવીના રાજીનામાની માંગ સાથે સત્તાધારી પક્ષ પર બુટલેગરોને આશ્રય આપવાના આક્ષેપો કર્યા હતા. આ દરમિયાન પોલીસે જૂનાગઢ અને પાટણ સહિત અનેક સ્થળોએથી પ્રદર્શન કરી રહેલા કોંગ્રેસના અગ્રણી નેતાઓ અને કાર્યકરોની ટીંગાટોળી કરી અટકાયત કરી હતી.

# ભાવનગર નકલી દારૂકાંડનો માસ્ટરમાઈન્ડ ભોપાલથી ઝડપાયો, અદાલત દ્વારા ૯ દિવસના રિમાન્ડ મંજૂર



**સમય સંદેશઃ ભાવનગર**

ભાવનગરના ચર્ચિત નકલી દારૂકાંડમાં ગુજરાત પોલીસ અને ક્રાઇમ બ્રાન્ચને મોટી સફળતા સાંપડી છે. આ સમગ્ર કૌભાંડના માસ્ટરમાઇન્ડ ગણાતા રઈસ ઉર્ફે રઈસ અહમદ ગાસી બાબુ અન્સારીની પોલીસે મધ્યપ્રદેશના ભોપાલ ખાતેથી અટકાયત કરી ધરપકડ કરી લીધી છે. ઘટના બાદ મધ્યપ્રદેશમાં છુપાઈ ગયેલા રઈસને લોકેશન અને ટેકનિકલ સર્વેલન્સના આધારે ગુજરાત પોલીસની ટીમે ઝડપી પાડ્યો હતો. કાનૂની પ્રક્રિયા પૂર્ણ કરીને તેને ભાવનગર લાવવામાં આવ્યો હતો, જ્યાં ગઈકાલે કડક સુરક્ષા વચ્ચે તેને અદાલતમાં રજૂ કરવામાં આવ્યો હતો. પોલીસે નકલી દારૂના કૌભાંડનું મૂળ, તેનું કેમિકલ

અનુ પાના નં.૨ પર

## રાજીનામા માંગવાના શોખીન કોકરોચ પાર્ટીના રાંકાની ધોલાઈ

### સરકારી શાળામાં નિરીક્ષણના નામે અરાજકતા ફેલાવવા પહોંચેલા કોકરોચોને ગ્રામજનોએ કાઢ્યા

**સમય સંદેશઃ જયપુર**

રાજસ્થાનના જયપુર નજીક આવેલ ગામમાં કોકરોચ જનતા પાર્ટીના કાર્યકરો અને સહ-સંયોજક આશુતોષ રાંકા સરકારી શાળાનું નિરીક્ષણ કરવા પહોંચ્યા હતા. આ દરમિયાન સ્થાનિક ગ્રામજનો અને કાર્યકરો વચ્ચે ઉગ્ર ઘર્ષણ અને ધક્કામુક્કી થતાં ગ્રામજનોએ તેમને ગામમાંથી હાંકી કાઢ્યા હતા. વિરોધ પ્રદર્શન દરમિયાન ગાડી પર પથરાવ કરવામાં આવ્યો હતો અને વાહનોના કાચ તોડી નાખવામાં આવ્યા હતા. CJP નેતાઓએ આક્ષેપ કર્યો છે કે તેમના કાર્યકરો પર હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં કેટલાકને ઈજાઓ પહોંચી છે




તથા ફોન અને વસ્ત્રો તોડી-ફાડી નાખવામાં આવ્યા છે.

સ્થાનિક ગ્રામજનોએ જણાવ્યું હતું કે શાળાના સુધારા માટે પહેલાથી જ રૂ. ૧૨.૫ લાખનું ફંડ મંજૂર થઈ ચૂક્યું છે અને બહારથી આવીને કોઈને રાજકારણ કરવાની કે વાતાવરણ બગાડવાની જરૂર નથી. બીજી તરફ, આશુતોષ રાંકા અને સીજેપીના સમર્થકોએ આ હુમલા પાછળ ભાજપના લોકોનો હાથ હોવાનો આરોપ લગાવ્યો છે અને ૪૮ કલાકની અંદર જવાબદારો સામે કાર્યવાહી કરવા તેમજ શિક્ષણ મંત્રી મદન દિલાવરના રાજીનામાની માંગ સાથે સમગ્ર રાજસ્થાનમાં આંદોલન કરવાની ચીમકી આપી છે.

# સીમાંકન મુદ્દે તામિલનાડુના CM વલણ બદલવાના સંકેત આપતા રાજકારણ ગરમાયું

### ગૃહમંત્રી અમિત શાહ સાથેની બેઠકમાં વર્તમાન સંસદીય પ્રતિનિધિત્વ જાળવી રાખવા કાયદાકીય આશ્વાસન માંગતા વિપક્ષના 'યુ-ટર્ન'ના આક્ષેપો

**સમય સંદેશઃ ચેન્નઈ**

દક્ષિણ ક્ષેત્રીય પરિષદની ૩૧મી બેઠક દરમિયાન તામિલનાડુના મુખ્યમંત્રી જોસેફ વિજયે સીમાંકન મુદ્દે પોતાના વલણમાં ફેરફારના સ્પષ્ટ સંકેતો આપ્યા છે. અગાઉ લોકસભાની કુલ બેઠકોને ૫૪૩ પર ફ્રીઝ કરવાની માંગ કરનાર CM વિજયે હવે ગૃહમંત્રી અમિત શાહ સમક્ષ રજૂઆત કરતા જણાવ્યું છે કે, દક્ષિણના રાજ્યોએ વસ્તી નિયંત્રણમાં મેળવેલી સફળતાને કારણે સંસદમાં તેમના વર્તમાન પ્રતિનિધિત્વના ટકાવારીના હિસ્સામાં કોઈ ઘટાડો ન થાય તે માટે કેન્દ્ર સરકારે સ્પષ્ટ કાયદાકીય આશ્વાસન આપવું જોઈએ. ૧૯૭૧ની વસ્તી ગણતરી આધારિત બેઠકોની ફાળવણીની



મુદ્દત પૂર્ણ થઈ રહી હોવાથી દક્ષિણના રાજ્યોમાં પોતાની રાજકીય તાકાત ઘટવાની વ્યાજબી ચિંતા ઊભી થઈ છે. મુખ્યમંત્રીના આ નવા વલણને પગલે કોંગ્રેસ માટે આંચકારૂપ સ્થિતિ સર્જાઈ હોવાનું માનવામાં આવી રહ્યું છે. કોંગ્રેસ કાર્ય સમિતિ (CWC)એ તાજેતરમાં પ્રસ્તાવ પસાર કરીને હાલની ૫૪૩ બેઠકો જ જાળવી રાખીને તેમાં જ મહિલા અનામત લાગુ કરવાની પક્ષધરતા વ્યક્ત કરી હતી. બીજી તરફ કર્ણાટકના મુખ્યમંત્રી ડી.કે. શિવકુમારે પણ આગામી ૨૫ વર્ષ માટે બેઠકો ફ્રીઝ રાખવાના CWCના સ્ટેન્ડને સમર્થન આપ્યું છે. વિજયના આ બદલાયેલા વલણ બાદ રાજ્યમાં ડીએમકે (DMK) અને એઆઈડીએમકે


અનુ પાના નં.૨ પર

# દબદબોઃ કોંગ્રેસના રાહુલ ગાંધી ફરી એક વખત ભારે પડ્યા!

### ૫ કલાકના ધરણાં સામે દિલ્હી પોલીસને નમવું પડ્યુંઃ પેલેટ ગન મામલે અજાણ્યા શખ્સો સામે એફઆઈઆર નોંધાઈ

**સમય સંદેશઃ નવીદિલ્હી**

જંતર-મંતર ખાતે વિરોધ પ્રદર્શન દરમિયાન થયેલા પેલેટ ગનના કથિત ઉપયોગ મામલે કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીના કડક વલણ બાદ દિલ્હી પોલીસને ઝૂકવું પડ્યું છે. રાહુલ ગાંધી, વાયનાડના સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રા, જયરામ રમેશ અને અધીર રંજન ચૌધરી સહિતના અગ્રણી નેતાઓ સાથે સંસદ માર્ગ પોલીસ મથકે આવેલી DCP ઓફિસે પહોંચ્યા હતા. પેલેટ ગનથી આંખની રોશની ગુમાવવાનો ભય વેઠતા




પીડિત સાહિલ લોચબને સાથે રાખીને રાહુલ ગાંધીએ સતત ૪-૫ કલાક સુધી FIR નોંધવાની માંગ પર અડગ રહી ધરણાં કર્યા હતા, જેના પરિણામે પોલીસે આખરે અજાણ્યા લોકો સામે FIR નોંધી તપાસ ક્રાઇમ બ્રાન્ચને સોંપી છે.

સમગ્ર વિવાદની વિગત મુજબ, ગત ૨૦ જુલાઈના રોજ સંસદ તરફ કાઢવામાં આવેલી માર્ચ દરમિયાન પોલીસ અને આંદોલનકારીઓ વચ્ચે હિંસક અથડામણ થઈ હતી, જેમાં

અનુ પાના નં.૨ પર

## ગુજરાત પોલીસ દળની વિવિધ ટેકનિકલ કેડરની ભરતી પરીક્ષા રવિવારે યોજાશે

### અમદાવાદ ખાતે યોજાનારી પરીક્ષામાં ગેરરીતિ અટકાવવા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ફેસિયલ રેકગ્નિશન અને જીપીએસ ટેકનોલોજીનો ઉપયોગ કરાશે

**સમય સંદેશઃ ગાંધીનગર**

ગુજરાત પોલીસ દળમાં પોલીસ સબ ઇન્સ્પેક્ટર (વાયરલેસ), ટેકનિકલ ઓપરેટર, પોલીસ સબ ઇન્સ્પેક્ટર (મોટર ટ્રાન્સપોર્ટ) અને હેડ કોન્સ્ટેબલ ડ્રાઇવર મિકેનિક (ગ્રેડ-૧) ની જગ્યાઓ માટેની લેખિત પરીક્ષા આવતીકાલે તા. ૨૩મી ઓગસ્ટના રોજ અમદાવાદ ખાતે યોજાનાર છે. આ સ્પર્ધાત્મક પરીક્ષા માટે અત્યાર સુધીમાં ૨૫ હજાર જેટલા ઉમેદવારોએ પોતાના કોલલેટર ડાઉનલોડ કરી લીધા છે.

પરીક્ષાના સમયપત્રક મુજબ સવારે ૯:૩૦ થી બપોરે ૧૨:૩૦ વાગ્યા દરમિયાન પીએસઆઈ (વાયરલેસ), ટેકનિકલ ઓપરેટર અને પીએસઆઈ (મોટર ટ્રાન્સપોર્ટ) ની પરીક્ષા લેવાશે, જ્યારે બપોરે

અનુ પાના નં.૨ પર

## જામનગર LCBની મોટી કાર્યવાહીઃ નાઘુના ગામની સીમમાંથી બીયરના ૩૩૬ ટીન સાથે એક શખ્સ ઝડપાયો

### વાડીની ઓરડીમાં બીયરનું વેચાણ કરતા ઈસમની ધરપકડ, વાડી માલિકને પકડવા ચક્રો ગતિમાન



**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લામાં પ્રોહીબિશન અને અસામાજિક પ્રવૃત્તિઓ પર રોક લગાવવા માટે રાજકોટ વિભાગના નાયબ પોલીસ મહાનિરીક્ષક નિર્લિપ્ત રાય અને જામનગર જિલ્લા પોલીસ અધિક્ષક ડો. રવિ મોહન સૈનીની સૂચનાથી એલ.સી.બી. દ્વારા ખાસ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. એલ.સી.બી. ના પો.ઇન્સ. વી.બી. ચૌધરી તથા પો.સ.ઇ. એમ.વી. ભાટીયાના માર્ગદર્શન હેઠળ સ્ટાફના માણસો પેટ્રોલિંગમાં હતા.

પેટ્રોલિંગ દરમિયાન એલ.સી.બી. સ્ટાફના અજયભાઈ વીરડા, સુમિતભાઈ શીયાર અને ભયપાલસિંહ જાડેજાને ખાનગી બાતમી મળી હતી કે નાઘુના ગામની સીમમાં આવેલી વાડીની

અનુ પાના નં.૨ પર

## ચાંદીપુરા રિપોર્ટ નેગેટિવવાળા બાળદર્દીનું મોતઃ પોરબંદરનો શંકાસ્પદ દર્દી જીજીમાં દાખલ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર પંથકમાં ચાંદીપુરા વાયરસના શંકાસ્પદ લક્ષણો સાથે સરકારી જી.જી. હોસ્પિટલમાં સારવાર હેઠળ દાખલ કરાયેલા એક બાળદર્દીનું સારવાર દરમિયાન મૃત્યુ નિપજ્યું છે. મળતી માહિતી મુજબ, જામનગર નજીકના કનસુમરા વિસ્તારના આ બાળદર્દીને શંકાસ્પદ લક્ષણો જણાતાં હોસ્પિટલમાં ખસેડાયો હતો, જ્યાં તબીબોએ નમૂના લઈ પૃથક્કરણ માટે મોકલ્યા હતા. જોકે, આ બાળદર્દીનો ચાંદીપુરાનો રિપોર્ટ નેગેટિવ આવ્યો હતો, તેમ છતાં ગુરુવારે સારવાર દરમિયાન તેનું મોત નીપજતાં તબીબી આલમમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

બીજી તરફ, હાલાર પંથકમાં ચાંદીપુરા વાયરસના શંકાસ્પદ કેસોનો સિલસિલો યથાવત જોવા મળી રહ્યો છે. ગઈકાલે પોરબંદર પંથકના વધુ એક બાળકને ચાંદીપુરાના શંકાસ્પદ લક્ષણો જણાતાં જામનગરની જી.જી. હોસ્પિટલના સ્પેશિયલ વોર્ડમાં દાખલ કરવામાં આવ્યું છે, જ્યાં હાલ તેની સારવાર ચાલી રહી છે. ઉલ્લેખનીય છે કે, છેલ્લા કેટલાક સમયમાં હાલાર પંથકમાં ચાંદીપુરાના શંકાસ્પદ દર્દીઓની સંખ્યા એક ડઝનને વટાવી ગઈ છે, જેને પગલે આરોગ્ય તંત્ર દ્વારા સઘન મોનિટરિંગ હાથ ધરવામાં આવી રહ્યું છે.

## જામનગર SOGની મોટી કાર્યવાહીઃ એલ.સી.-૮ માર્કેટમાંથી નશાકારક ચોકલેટ વેચતો ઈસમ ઝડપાયો

### 'નો ડ્રગ્સ ઈન જામનગર' અભિયાન હેઠળ ભગવતી હોટલ નજીકથી ૧૦૪૦ નંગ નશાકારક ચોકલેટનો જથ્થો જપ્ત






**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લામાં નશીલા પદાર્થોના વેપાર પર રોક લગાવવા અને યુવાધનને નશાના દૂષણથી બચાવવા માટે જિલ્લા પોલીસ અધિક્ષક ડો. રવિ મોહન સૈની દ્વારા No Drugs In Jamnagar અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. આ ઝુંબેશ અંતર્ગત રાજકોટ વિભાગના નાયબ પોલીસ મહાનિરીક્ષક નિર્લિપ્ત રાયની સૂચના મુજબ જામનગર એસ.ઓ.જી. સ્પેશિયલ ઓપરેશન ટીમ ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન એસ.ઓ.જી. સ્ટાફના પોલીસ કોન્સ્ટેબલ વીરેન્દ્રસિંહ જાડેજા, બળભદ્રસિંહ જાડેજા અને મયૂરરાજસિંહ જાડેજાને ચોક્કસ બાતમી મળી હતી કે એલ.સી.-૮ માર્કેટમાં પતરાની દુકાનમાં નશાકારક ચોકલેટનું વેચાણ થઈ રહ્યું છે.

બાતમીના આધારે એસ.ઓ.જી. ઇન્ચાર્જ પી.આઈ. વી.બી. ચૌધરી તથા પી.એસ.આઈ. એલ.એમ. ઝેરના માર્ગદર્શન હેઠળ ટીમે એલ.સી.-૮ માર્કેટમાં ભગવતી હોટલ એન્ડ માર્કેટની બાજુમાં આવેલી નામ વગરની પતરાની દુકાનમાં દરોડો પાડ્યો હતો. રેઇડ દરમિયાન દુકાનમાંથી ''તરંગ મદન મોદક વટી, આયુર્વેદિક

અનુ પાના નં.૨ પર

## તંત્રી સ્થાનેથી..



### જળ વ્યવસ્થાપન !

વરસાદી પાણીને વહી જવા દેવાને બદલે તેને જ્યાં પડે ત્યાં રોકવું અને જમીનમાં ઉતારવું– આ જ ટકાઉ જળવ્યવસ્થાપનની મૂળભૂત સમજ છે. દેશની વર્તમાન સ્થિતિ આ ચિંતાને વધુ ગંભીર બનાવે છે. સેન્ટ્રલ ગ્રાઉન્ડ વોટર બોર્ડના ૨૦૨૫ના મૂલ્યાંકન અનુસાર ભારતમાં વાર્ષિક ભૂગર્ભજળ રિચાર્જ ૪૪૮.૫૨ બિલિયન ઘન મીટર આંકવામાં આવ્યું હતું, જ્યારે કુલ ભૂગર્ભજળ ઉપાડ ૨૪૭.૨૨ બિલિયન ઘન મીટર રહ્યો હતો. રાષ્ટ્રીય સ્તરે ભૂગર્ભજળના શોષણનું પ્રમાણ ૬૦.૬૩ ટકા હતું. આ આંકડા દર્શાવે છે કે પરિસ્થિતિ સંપૂર્ણપણે નિરાશાજનક નથી, પરંતુ ભૂગર્ભજળ પર સતત વધી રહેલી નિર્ભરતા અને વિવિધ વિસ્તારો વચ્ચેની અસમાનતા હજુ પણ મોટો પડકાર છે. સૌથી મહત્વની વાત એ છે કે જળસંકટ હવે માત્ર ગામડાંની સમસ્યા રહ્યું નથી. ઝડપથી વિકસતાં શહેરો પણ આ જ સંકટનો સામનો કરી રહ્યાં છે. મે ૨૦૨૬માં પ્રકાશિત બેંગલુરુ અંગેના એક અહેવાલે આ વિરોધાભાસને સ્પષ્ટ રીતે સામે મૂક્યો હતો. શહેરમાં ભારે વરસાદ પડ્યો, પરંતુ વરસાદનું મોટું પ્રમાણ જમીનમાં ઉતરવાને બદલે રસ્તાઓ, નાળાઓ અને કોંક્રિટની સપાટીઓ પરથી વહી ગયું. એટલે કે વરસાદ પડ્યો, પૂર આવ્યું અને છતાં ભૂગર્ભજળનું પૂરતું રિચાર્જ થયું નહીં. આ પરિસ્થિતિ બતાવે છે કે પાણીની સમસ્યા માત્ર વરસાદના પ્રમાણની નથી, પરંતુ વરસાદી પાણીના યોગ્ય સંચાલનની પણ છે. વરસાદના દરેક ટીપાને સંસાધન તરીકે જોવું પડશે. ખેતરોમાં જળગ્રહણની રચનાઓ, નાના બંધ, તળાવો, રિચાર્જ વ્યવસ્થા, જમીન સંરક્ષણ અને સ્થાનિક જળસસ્રોતોનું પુનજીર્વન માત્ર બાંધકામનું કામ નથી. આ કુદરતી જળચક્રને ફરી જીવંત બનાવવાના પ્રયાસો છે. વરસાદનું પાણી ખેતરમાં રોકાય, જમીનમાં ઉતરે, ભૂગર્ભજળને રિચાર્જ કરે અને અંતે કૂવા તથા અન્ય જળસ્રોતોને જીવન આપે– આ જ તેનો મૂળ હેતુ છે. દેશના અલગ–અલગ વિસ્તારોમાંથી મળતી કેટલાક એનજીઓની સફળતાની કહાનીઓ સાબિત કરે છે કે આ મોડેલ અસરકારક છે. રાજસ્થાનના અલવર વિસ્તારમાં જળગ્રહણ ક્ષેત્રના વિકાસ હેઠળ નાના બંધ, ચેકડેમ, પરકોલેશન ટાંકા, રિચાર્જ શાફ્ટ અને ફાર્મ પોન્ડ જેવી રચનાઓના નિર્માણથી ભૂગર્ભજળના સ્તરમાં નોંધપાત્ર સુધારો થયો. વર્ષોથી લગભગ નિષ્ક્રિય થઈ ગયેલા કેટલાક કૂવાઓમાં ફરી પાણી આવવા લાગ્યું. આ માત્ર પાણીની ઉપલબ્ધિમાં વધારો નથી, પરંતુ સમગ્ર ગ્રામ અર્થતંત્ર અને જીવનશૈલીને નવી શક્તિ આપતું પરિવર્તન છે.





# હાલારના હાલહવાલ

# ગુગ્ગુલી બ્રાહ્મણ જ્ઞાતિ દ્વારા દ્વારકાધીશ જગતમંદિરની સપ્ટેમ્બર માસની ધ્વજાજી માટે જાહેર ડ્રો યોજાયો




**સમય સંદેશઃ દ્વારકા**

દ્વારકાધીશ જગત મંદિરના શિખર પર આરોહણ થનારી તત્કાલ ધ્વજાજીના સપ્ટેમ્બર ૨૦૨૬ માસના યજમાન માટેનો જાહેર ડ્રો શ્રી ગુગ્ગુલી બ્રાહ્મણ જ્ઞાતિ દ્વારા તા. ૨૦ ઓગસ્ટના રોજ બ્રહ્મપુરી નં. ૧ ખાતે યોજવામાં આવ્યો હતો.

ધ્વજાજીના યજમાન બનવા માટે અગાઉથી ફોર્મનું વિતરણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ નિયમોનુસાર જાહેરમાં ડ્રો યોજાયો હતો. આ પ્રક્રિયા દરમિયાન ધ્વજાજીના યજમાન વૈષ્ણવો, ભક્તો, તીર્થ પુરોહિતો, જ્ઞાતિના કારોબારી સભ્યો, મધ્યસ્થ સભાના સભ્યો, સલાહકાર સમિતિના સભ્યો તેમજ સામાજિક કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. ડ્રોની સમગ્ર પ્રક્રિયા ઉપસ્થિતોની હાજરીમાં કરવામાં આવતા પારદર્શકતા જળવાઈ રહી હતી. ધાર્મિક પરંપરા સાથે સંકળાયેલી આ પ્રક્રિયામાં જ્ઞાતિના હોદ્દેદારો અને સભ્યોની પણ નોંધપાત્ર ઉપસ્થિતિ રહી હતી.

આ પ્રસંગે શ્રી ગુગ્ગુલી બ્રાહ્મણ જ્ઞાતિના પ્રમુખ યજ્ઞેશભાઈ ઉપાધ્યાય, મંત્રી કપિલભાઈ વાયડા ઉપરાંત જયદીપભાઈ ઠાકર, ભાર્ગવભાઈ ભટ્ટ, હેમલભાઈ દવે, દિવ્યાંગભાઈ ઠાકર, નૈનેશભાઈ વાયડા, આશિષભાઈ, મિથિલેશભાઈ વાયડા અને નારણભાઈ ઠાકર સહિતના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. દ્વારકાધીશ જગત મંદિરની ધ્વજાજી સાથે જોડાયેલી આ યજમાન પ્રક્રિયાનો ડ્રો જાહેર રીતે યોજાતા ઉપસ્થિત વૈષ્ણવો અને ભક્તોમાં પણ ઉત્સાહ જોવા મળ્યો હતો.

# મહિલાને આપઘાત માટે મજબુર કર્યાની ત્રણ શખ્સો સામે ફરિયાદ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના પરડવા ગામે એક મહિલાને માનસિક તથા શારીરિક ત્રાસ આપી મરવા મજબૂર કરવાના ચકચારી બનાવમાં પોલીસે ત્રણ શખ્સો સામે ગુનો નોંધી બે આરોપીઓને ગણતરીની કલાકોમાં ઝડપી પાડ્યા છે. પરડવા ગામના વિરમભાઈ ભીખાભાઈ ગોઢાણીયાએ નોંધાવેલી પોલીસ ફરિયાદ અનુસાર, ગામના જ રણમલ ઉર્ફે કારા ભીમાભાઈ પરમારે તેમની પત્ની લીલુબેન પર બ્લેકમેઈલિંગનો ખોટો આરોપ મૂક્યો હતો. ત્યારબાદ રણમલના કહેવાથી અરજણ કેશુભાઈ પરમાર અને નગાભાઈ કેશુભાઈ પરમારે ફરિયાદીના ઘરમાં ઘૂસી લીલુબેન પર પાઇપ તથા લાકડાના ધોકાથી હુમલો કરી ઢીકાપાટુનો માર માર્યો હતો અને ગામ છોડી જવાની ધમકી આપી હતી.

આ અમાનુષી અત્યાચાર અને ધમકીથી ભારે વ્યથિત થયેલા લીલુબેને પોતાના મકાનની છતના હૂક સાથે સાડી વડે ગળેફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી હતી. આ કરૂણ ઘટના અંગે મૃતકના પતિની ફરિયાદના આધારે જામજોધપુર પોલીસે મરવા મજબૂર કરવા સહિતની કલમો હેઠળ ગુનો નોંધી ત્વરિત કાર્યવાહી કરી હતી. પોલીસે દરોડો પાડીને બે આરોપીઓ અરજણ કેશુભાઈ પરમાર અને નગાભાઈ કેશુભાઈ પરમારને પકડી પાડ્યા છે, જ્યારે આ ઘટનાના મુખ્ય સૂત્રધાર રણમલ ઉર્ફે કારાની ધરપકડ કરવા માટે પોલીસે ચક્ર ગતિમાન કર્યાં છે.

# જામનગરમાં આજે હાલારના આહીર જનપ્રતિનિધિઓનું સન્માન

**સમય સંદેશઃ જામનગર**

જામનગર સહિત હાલાર પંથકના આહીર સમાજના એવા રત્નો કે જેમણે સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓમાં વિજય મેળવીને વિસ્તારના પ્રતિનિધિ તરીકેની જવાબદારી સંભાળી છે, તેમના માટે એક ખાસ ગૌરવવંત સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. જામનગર આહીર સમાજ દ્વારા આજ તા. ૨૨/૦૮ ને શનિવારે સાંજે ૫:૦૦ વાગ્યે, શિવમ સોસાયટી (આહિત દેવાયત બોદર માર્ગ, જામનગર) ખાતે આ સમારોહ યોજાશે. આહીર સમાજના અગ્રણી શ્રી ભીખુભાઈ વારોતરીયાના અધ્યક્ષસ્થાને યોજાનારા આ કાર્યક્રમમાં હાલારના સાંસદ પૂનમબેન માડમ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે, તેમજ મુળુભાઇ બેરા, મુળુભાઇ કંડોરિયા અને હેમંતભાઈ ખવા જેવા અન્ય મહાનુભાવો અતિથિ વિશેષ તરીકે હાજરી આપશે.

આ સમારોહમાં જામનગર મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર શ્રી રાકેશભાઈ બાબુભાઈ ડેર, ભાણવડ અને જામકલ્યાણપુર તાલુકા પંચાયતના પ્રમુખશ્રીઓ, વિવિધ સમિતિઓના ચેરમેનશ્રીઓ તેમજ જિલ્લા અને તાલુકા પંચાયતના ચૂંટાયેલા સદસ્યોનું સમાજના વડીલો અને યુવાનોની હાજરીમાં વિશિષ્ટ સન્માન કરવામાં આવશે. આહીર સમાજના પ્રમુખ શ્રી રણમલભાઈ કાંબરીયા, મંત્રી શ્રી રામશીભાઈ ગોરીયા અને સમગ્ર ટ્રસ્ટી મંડળ દ્વારા સમાજના તમામ ભાઈ–બહેનોને આ ગૌરવવંત ક્ષણના સાક્ષી બનવા અને કાર્યક્રમમાં મોટી સંખ્યામાં હાજર રહેવા ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# દેવભુમિ દ્વારકાના નવ શિક્ષકોને મળશે શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક

**સમય સંદેશઃ દ્વારકા**

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વર્ષ ૨૦૨૬-૨૭ માટે શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક માટે ૯ શિક્ષકોની પસંદગી કરવામાં આવી છે. જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા ગાંધીનગર પ્રાથમિક શિક્ષણ નિયામક કચેરીની સૂચના મુજબ જિલ્લાના પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાંથી દરખાસ્તો મંગાવવામાં આવી હતી. તાલુકા કક્ષાની ૬ અને જિલ્લા કક્ષાની ૩ મળી કુલ ૯ દરખાસ્તો પ્રાપ્ત થઈ હતી. પ્રાપ્ત દરખાસ્તોની સમિતિ દ્વારા ચકાસણી અને મૂલ્યાંકન કર્યા બાદ જિલ્લા કક્ષાએ ત્રણ શિક્ષકોની પસંદગી કરવામાં આવી છે. જેમાં ચંદ્રવાડા પ્રાથમિક શાળાના ઓડેદરા રૂપલબેન ભાયાભાઈ, ખંભાળિયાની વિજય ચેરીટેબલ હાઈસ્કૂલના આચાર્ય કે.ડી. ગોકાણી અને જુવાનપુર પ્રાથમિક (કુમાર) શાળાના ડો. રણમલ કુરજી પરમારનો સમાવેશ થાય છે. તાલુકા કક્ષાના શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક માટે ભાણખોખરી તાલુકા શાળાના જસ્મીનકુમાર વસંતલાલ મકડીયા, ધતુરીયા પ્રાથમિક શાળાના ગોસ્વામી બિંદીયાબેન રમેશભાઈ, ગોકલપર પ્રાથમિક શાળાના જોષી અશોકભાઈ દિલીપભાઈ, પી.એમ. શ્રી વરવાળા પ્રાથમિક શાળાના રિમ્પલબેન કે. સોલંકી, આંબરડી પ્રાથમિક શાળાના ડો. બિન્દુબેન અનંતરાય મહેતા અને પી.એમ. શ્રી રૂપમોરા પ્રાથમિક શાળાના ગોસાઈ આશિષ સવગરની પસંદગી કરવામાં આવી છે. જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા જણાવ્યા મુજબ પસંદગી પામેલા તમામ ૯ શિક્ષકોને તા. ૫ સપ્ટેમ્બરના રોજ ઉજવાતા શિક્ષક દિન નિમિત્તે આયોજિત જાહેર કાર્યક્રમમાં શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક એનાયત કરી સન્માનિત કરવામાં આવશે.

# હિમાચલનો યુવાન જામનગર પહોંચ્યા બાદ લાપત્તા

**સમય સંદેશઃ જામનગર**

હિમાચલ પ્રદેશના તલાઈ ગામના જીવનકુમાર પ્રિતમચંદ (ઉ.વ.૩૨) નામના યુવાન ગોવામાં કુક તરીકે જુલાઈના દિવસે ટ્રેનમાં મુસાફરી કરતા નોકરી કરતા હતા. તેઓ ગઈ તા.૯હતા. તે પછી ગઈ તા.૧૧ જુલાઈના દિવસે તેઓએ એક અજાણ્યા મોબાઈલ નંબર પરથી પોતાના પત્ની વર્ષાબેનને કોલ કર્યો હતો. કોલમાં આ યુવાને જણાવ્યું હતું કે, મારો ફોન મુસાફરી દરમિયાન ગુમ થઈ ગયો છે અને હું ભૂલથી જામનગર રેલવે સ્ટેશન પહોંચી ગયો છું, ત્યાંથી જે ટ્રેન મળે તે ટ્રેનમાં પરત આવી રહ્યો છે ત્યારપછી ગઈકાલ સુધી પોતાના ઘેર પહોંચ્યા નથી તેથી તેમના પત્ની વર્ષાદેવી પતિની તપાસ કરતા જામનગર આવી પહોંચ્યા છે. આ મહિલાએ જામનગર રેલવે સ્ટેશન પર પોલીસનો સંપર્ક કર્યો હતો. જવમાં આવવા ઉપરાંત તા.૧૧ જયાં તેઓને પોલીસ દ્વારા સહયોગ જુલાઈના સીસીટીવી ફૂટેજ ચકાસાતા સભ્યો તા.૧૧ની સાંજે પોણા આઠેક વાગ્યે વિરોધી ટિકિટ કાઉન્ટર પરથી જીવનકુમાર ટિકિટ ખરીદતા જોવા મળ્યા હતા અને તે પછી આ યુવાન પોરબંદરથી સરાઈ–રોહીલા જતી ટ્રેનમાં સવા દસ વાગ્યે બેસતા પણ નજરે પડ્યા છે. તે પછી જીવનકુમારનો પત્તો લાગ્યો નથી. રેલવે પોલીસે ઉપરોક્ત તસ્વીર જાહેર કરી છે અને આ યુવાન અંગે કોઈને જાણકારી હોય તો તેઓએ જામનગર રેલવે પોલીસ-૬૩૫૯૬ ૨૯૬૨ ૫નો સંપર્ક કરવા અનુરોધ કર્યો છે.

# જામનગરમાં જન્મદિવસની પાર્ટી આપવાની ના પાડતા છરી વડે હુમલો

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના દરેડમાં દિલીપ કલુભાઈ જાટવ (ઉ.વ.૪૨, રહે. દરેડ ફેસ-૩)એ આરોપી સાગર રતનદાસ કાપડી સામે નોંધાવેલી ફરિયાદ અનુસાર ફરિયાદી અને આરોપી બાજુબાજુમાં રહેતા હોવાથી પરિચયમા હોય અને ફરિયાદીના સાળા મોનુકુમાર ઓમપ્રકાશ જાટવનો જન્મદિવસ હોવાથી આરોપીએ તેની પાસે પાર્ટી માંગી હતી. જોકે, મોનુકુમારે પાર્ટી આપવાની ના પાડતા આરોપી ઉશ્કેરાઈ ગયો હતો અને ગાળો બોલવા લાગ્યો હતો. ગાળો બોલવાની ના પાડતાં આરોપી પોતાના રૂમમાં દોડી ગયો હતો અને ધારદાર ચાકુ લઈને પરત આવ્યો હતો. ત્યારબાદ તેણે મોનુકુમારના સાથી પવનકુમાર (ઉ.વ.૩૪)ના પેટના નીચેના ભાગે ચાકુનો ઘા મારી ગંભીર ઇજા પહોંચાડી હતી. દરમિયાન દિલીપ જાટવ છોડાવવા વચ્ચે પડતાં આરોપીએ તેમના ડાબા પગના સાથળના ઉપરના ભાગે પણ ચાકુનો ઘા માર્યો હતો. આ બનાવમાં પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**સરકારમાન્ય બૉન્ડ રાઈટર**

સરકારી સોગંદનામા, ભાડા કરાર,
વેંચાણ કરાર, દસ્તાવેજી રજિસ્ટ્રેશન,
કુલમુખત્યારનામા ગુજરાતી તથા અંગ્રેજીમાં.

નોટરીને લગતાં કામ માટે મળો

**અભિજીત જયંતકુમાર દવે**

મો.૮૪૬૦૪૫૯૫૨૦, ૮૮૬૬૮૮૧૯૯૯

## અનુસંધાન

### ભાવનગર લઠ્ઠાકાંડ

(પાના નં. ૪ થી આગળ)

હલકી કક્ષાનો દારૂ પીને જ્યારે પરિવારનો મોભી કે એકનો એક દીકરો મૃત્યુ પામે છે ત્યારે તેના નિરાધાર પરિવાર અને વૃદ્ધ મા–બાપની હાલત અત્યંત કરૂણ બને છે. વિધાનસભા સમયના પોતાના વક્તવ્યને યાદ કરતા તેમણે કહ્યું કે, સરકારને કોઈના ઘરમાં હથિયાર હોય તો દેખાય છે પણ બજાર વચ્ચે ચાલતા દારૂના હાટડા દેખાતા નથી. રાજ્યમાં વારંવાર બનતી આવી લઠ્ઠાકાંડની દુર્ઘટનાઓ અટકાવવા માટે દારૂબંધીનો કડક અમલ કરાવવો જરૂરી છે.

### જુગારના ત્રણ

(પાના નં. ૪ થી આગળ)

વલ્લભભાઇ મેંદપરા (ઉ.વ. ૫૦), સન્નીભાઇ ખોડા (ઉ.વ. ૨૭), રવીભાઇ ખોડા (ઉ.વ. ૨૫) અને લાલજીભાઇ કુંભારવાડીયા (ઉ.વ. ૩૩) નામના ચાર શખ્સોને રૂ. ૧૧,૬૦૦ની રોકડ સાથે પકડી પાડી જુગારધારા હેઠળ ગુનો નોંધ્યો હતો.

આ ઉપરાંત, ધ્રોલ પોલીસ મથકના સ્ટાફે દેડકદડ ગામે જાહેરમાં જુગાર રમી રહેલા મહીપતસિંહ જાડેજા (ઉ.વ. ૫૩), ભૂપતભાઈ કુંભારવાડીયા (ઉ.વ. ૪૦), કિરીટસંગ જાડેજા (ઉ.વ. ૫૦) અને ગુણવંતસિંહ જાડેજા (ઉ.વ. ૬૩) ને રૂ. ૧૦,૨૦૦ની રોકડ સાથે ઝડપી લીધા હતા. દરોડા દરમિયાન વનરાજસિંહ જાડેજા, ધર્મેન્દ્રસિંહ જાડેજા, દિલીપભાઈ જાખેલીયા અને ચીનાભાઈ નાથાભાઈ નામના ચાર શખ્સો પોલીસને જોઈને નાસી છૂટવામાં સફળ રહ્યા હતા. પોલીસે નાસી ગયેલા ચારેય શખ્સો સામે ગુનો નોંધી તેમને ઝડપી પાડવા ચક્ર ગતિમાન કર્યાં છે.

### કિસાન સત્યાગ્રહી

(પાના નં. ૩ થી આગળ)

ત્યાગના કારણે નીરા મહારાજનું સ્વાસ્થ્ય અચાનક બગડતાં સત્યાગ્રહ છાવણી ખાતે હાજર અન્ય ખેડૂતો અને ગ્રામજનોમાં ભારે દોડધામ મચી ગઈ હતી. ૧૦૮ની ટીમે સ્થળ પર પહોંચી તેમને પ્રાથમિક તબીબી સારવાર આપ્યા બાદ વધુ ગહન સારવાર માટે જોડિયા સરકારી આરોગ્ય કેન્દ્રમાં દાખલ કર્યા છે, જ્યાં તબીબોની દેખરેખ હેઠળ તેમની સારવાર ચાલી રહી છે. આ ઘટના બાદ ગ્રામજનોમાં તંત્ર અને વીજ કંપની સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે.

### ચેઈનની ચીલઝડપ

(પાના નં. ૩ થી આગળ)

ઘટનાસ્થળ તેમજ આસપાસના વિસ્તારોમાં સીસીટીવી ફુટેજ ચકાસવાની કામગીરી શરૂ કરી છે. આ ઉપરાંત આસપાસના વેપારીઓ અને રહીશોની પૂછપરછ કરીને ગઠિયાનું સુરાગ મેળવવાના ચક્રો ગતિમાન કર્યા છે. આ બનાવથી આ વિસ્તારની મહિલાઓમાં ભયનો માહોલ ફેલાઈ ગયો છે.

### ગાંધીનગરમાં યુવક

(પાના નં. ૩ થી આગળ)

ઢીકા-પાટુનો માર માર્યો હોવાનો તેમજ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ છે. બનાવ બાદ ફરિયાદીને સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. આ મામલે પોલીસે પાંચેય આરોપીઓ સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### યુવકનો આપઘાત

(પાના નં. ૩ થી આગળ)

તેણે ઝેરી દવા ગટગટાવી આપઘાત કરવાનો પ્રયાસ કર્યો હતો. જેથી તેને તાત્કાલિર સારવાર અર્થે હોસ્પિટલ લઇ જવામાં આવ્યો હતો. જ્યાં ગઇકાલે પ્રદિપભાઇનું મોત નિપજ્યું હતું. આ બનાવ અંગે મૃત્તક યુવાનના મોટાભાઇ વિનોદભાઇ પસાયાએ પોલીસને જાણ કરતાં ધ્રોલ પોલીસ મથકના જે.કે.દલસાણિયા સહિતનો સ્ટાફ તાત્કાલિક હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો. પોલીસે મૃત્તદેહનો કબ્જો સંભાળી પીએમ સહિતની કાર્યવાહી કરાવી આ બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

### પીજીવીસીએલની તવાઈ

(પાના નં. ૩ થી આગળ)

દંડનીય બિલ ફટકારાયું હતું. આ ઝુંબેશ માત્ર જામનગર પૂરતી સીમિત ન રહેતા દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પણ સમાંતર રીતે ચલાવવામાં આવી રહી છે, જ્યાં પીજીવીસીએલની અલગ–અલગ સ્કવોડ સતત મોનિટરિંગ કરી રહી છે. ચાર દિવસ દરમિયાન મોટા પાયે ગેરકાયદે વીજજોડાણો ઝડપાયા હોવાથી તંત્ર દ્વારા આ ચેકિંગ ઝુંબેશને આગામી દિવસોમાં વધુ આક્રમક અને સઘન બનાવવામાં આવે તેવા સંકેતો સાંપડી રહ્યા છે.

### જામનગર આરટીઓ

(પાના નં. ૩ થી આગળ)

અથવા મોબાઇલ ઓટીપી એમ બે વિકલ્પ ઉપલબ્ધ હતા. પરંતુ હવે સિસ્ટમમાં સુધારો કરીને વેચનાર વાહન માલિકના આધાર ઓટીપી દ્વારા ઓથેન્ટિકેશનને ફરજિયાત કરવામાં આવ્યું છે. પરિણામે, વાહન નોંધણીમાં નોંધાયેલ નામ અને આધારકાર્ડમાં દર્શાવાયેલા નામ વચ્ચે થોડો પણ તફાવત હોય તો ઓનલાઈન અરજી આગળ વધી શકતી નથી.

### ભાવનગર નકલી દારૂકાંડ

(પાના નં. ૧ થી આગળ)

નેટવર્ક, ઉત્પાદન અને સપ્લાય ચેઇનની ઊંડી તપાસ કરવા માટે આરોપીના રિમાન્ડની માંગણી કરી હતી. કોર્ટે ગુનાની ગંભીરતા ધ્યાને રાખીને આરોપી રઈસના ૯ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. હવે રિમાન્ડ દરમિયાન પૂછપરછમાં આ કૌભાંડ સાથે જોડાયેલા અન્ય મોટા માથા અને આંતરરાજ્ય નેટવર્કના પર્દાફાશ થવાની શક્યતા છે.

ભાવનગર નકલી દારૂકાંડમાં કુલ ૮ લોકોના મોત નીપજ્યા છે. જ્યારે ૩૧થી વધુ દર્દીઓ ભાવનગરની સર ટી. હોસ્પિટલ અને અન્ય ખાનગી હોસ્પિટલોમાં સારવાર હેઠળ છે. આ દરમિયાન ગત ૨૧ ઓગસ્ટે ૧૩ આરોપીને ૧૪ દિવસના રિમાન્ડ અર્થે કોર્ટમાં રજૂ કરાયા હતા. જેમાં કોર્ટે ૧૩ આરોપીના ૧૦ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા. જ્યારે હવે ભાવનગર નકલી દારૂકાંડનો માસ્ટરમાઇન્ડ રઈસને ભોપાલથી ઝડપ્યા બાદ કોર્ટમાં રજૂ કરાયો હતો. જ્યાં કોર્ટે રઈસના ૯ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે.

### સીમાંકન મુદ્દે

(પાના નં. ૧ થી આગળ)

(AIADMK) જેવા વિપક્ષી દળોએ તેમના પર 'યુ-ટર્ન' લેવાનો અને કોંગ્રેસને એકલા પાડી દેવાનો આરોપ લગાવ્યો છે.

### કોંગ્રેસના રાહુલ

(પાના નં. ૧ થી આગળ)

શાંતિપૂર્ણ પ્રદર્શનકારીઓ પર કથિત રીતે પેલેટ ગનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. રાહુલ ગાંધીએ આ ઘટનાને ગંભીર ગુનો ગણાવી પોલીસ તપાસના તારણો અંગે સીધા સવાલો કર્યા હતા. બીજી તરફ, ભાજપના નેતા આશિષ સૂદે રાહુલ ગાંધી પર અન્ય વિવાદો પરથી ધ્યાન ભટકાવવા અને ચર્ચામાં રહેવા માટે રાજકારણ કરવાનો આક્ષેપ કર્યો હતો. આ ઘટના અને પ્રદર્શનકારીઓ પર થયેલા કથિત બળપ્રયોગ તેમજ પોલીસકર્મીઓ પર થયેલી હિંસાની નિષ્પક્ષ તપાસ માટે સુપ્રીમ કોર્ટે પણ કડક વલણ અપનાવ્યું છે. ચીફ જસ્ટિસની બેન્ચે સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ જજ જસ્ટિસ આર. સુભાષ રેડ્ડીના અધ્યક્ષપણા હેઠળ પાંચ સભ્યોની હાઇ પાવર્ડ એનક્વાયરી કમિટી (HPEC)ની રચના કરી છે. આ કમિટી પેલેટ ગનના ઉપયોગ સહિત બંને પક્ષે થયેલા બળપ્રયોગ અને હિંસાની તમામ પાસાંઓ પર ઊંડાણપૂર્વક તપાસ કરીને રિપોર્ટ સોંપશે.

### ગુજરાત પોલીસ

(પાના નં. ૧ થી આગળ)

૩:૦૦ થી સાંજે ૬:૦૦ વાગ્યા દરમિયાન હેડ કોન્સ્ટેબલ ડ્રાઇવર મિકેનિકની પરીક્ષા યોજાશે. પરીક્ષામાં અર્હતા મેળવવા ઉમેદવારે પાર્ટ–એ અને પાર્ટ–બી બંનેમાં અલગ–અલગ ઓછામાં ઓછા ૪૦ ટકા ગુણ મેળવવાના રહેશે, જેમાં નેગેટિવ માર્કિંગ પદ્ધતિ પણ અમલમાં રહેશે. પરીક્ષા સંપૂર્ણ પારદર્શક અને ગેરરીતિમુક્ત વાતાવરણમાં સંપન્ન થાય તે માટે ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા અમદાવાદ પોલીસ કમિશ્નરના સુપરવિઝન હેઠળ અને ડીઆઈજીપી કક્ષાના સિનિયર અધિકારીની અધ્યક્ષતામાં કડક બંદોબસ્ત ગોઠવાયો છે. આ કામગીરીમાં ૧૧૦૦ થી વધુ પોલીસ અધિકારીઓ/કર્મચારીઓ અને ૧૫૦૦ જેટલા શિક્ષણ વિભાગના કર્મચારીઓ જોડાશે તેમજ દરેક કેન્દ્ર પર પીઆઈ કક્ષાના અધિકારી સુપરવાઈઝર તરીકે તૈનાત રહેશે.

બોગસ ઉમેદવારો અને ગેરરીતિ અટકાવવા માટે 'ફેસિયલ રેકગ્નિશન ટેકનોલોજી' અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરાશે, જ્યારે પરીક્ષા સાહિત્ય લઈ જતા તમામ વાહનોને જીપીએસ દ્વારા કરાઈ સ્થિત સ્ટેટ કંટ્રોલરૂમથી મોનિટર કરાશે. ભરતી બોર્ડે બાકી રહેલા ઉમેદવારોને સમયસર કોલલેટર ડાઉનલોડ કરી પરીક્ષા કેન્દ્ર પર પહોંચી જવા અપીલ કરી છે.

### ૩૩૬ ટીન સાથે એક

(પાના નં. ૧ થી આગળ)

ઓરડીમાં ગેરકાયદેસર રીતે બીયરનું વેચાણ થઈ રહ્યું છે. આ બાતમીના આધારે પોલીસે દરોડો પાડીને સ્થળ પરથી ભરતભાઈ કેશુભાઈ ઝાલાલીયા (ઉ.વ. ૩૩, રહે. નાધુનાગામ, તા.જી. જામનગર) ને રૂ. ૩૩,૬૦૦ ની કિંમતના ૩૩૬ નંગ બીયર ટીન સાથે રંગેહાથ ઝડપી લીધો હતો.

પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે વાડીના માલિક અને બીયરના વેચાણમાં ભાગીદાર નિકુંજભાઈ જમનભાઈ ગધેથરીયા (રહે. નાધુનાગામ) પણ આ પ્રવૃત્તિમાં સંકળાયેલ છે, જેને પકડવા માટે પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ સફળ કામગીરી બદલ પો.સ.ઇ. એમ.વી. ભાટીયા તથા એલ.સી.બી.ની ટીમે આગળની તપાસ પંચકોશી ''બી'' ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તાર અંતર્ગત હાથ ધરી છે.

### નશાકારક ચોકલેટ

(પાના નં. ૧ થી આગળ)

ઔષધિ'' નામે ઓળખાતી નશાકારક ચોકલેટના કુલ ૧૦૪૦ નંગ (કિંમત રૂ. ૧,૦૪૦) મળી આવ્યા હતા.

પોલીસે નશાકારક ચોકલેટનો જથ્થો કબજે કરી આ પ્રવૃત્તિમાં સંકળાયેલા આરોપી ભિખુભા અમરસંગ જાડેજા (ઉ.વ. ૪૭, રહે. આરબલુસ, તા. લાલપુર) ની અટકાયત કરી છે. આ મામલે લાલપુર પોલીસ સ્ટેશન ખાતે આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

# જોડિયાના વાવડીમાં કિસાન સત્યાગ્રહીની તબિયત લથડીઃ નીરા મહારાજને જોડિયા હોસ્પિટલ ખસેડાયા







**સમય સંદેશઃ જોડિયા**

જામનગર જિલ્લાના જોડિયા તાલુકાના વાવડી ગામે વીજ કંપનીઓ દ્વારા વીજપોલ ઊભા કરવાની કામગીરી સામે શરૂ કરાયેલા અન્નત્યાગ સત્યાગ્રહ આંદોલનના બીજા દિવસે મોટો વળાંક આવ્યો છે. આંદોલન પર બેઠેલા ઉપવાસી ખેડૂત નીરા મહારાજની તબિયત અચાનક વણસતાં સમગ્ર વિસ્તાર અને સત્યાગ્રહ છાવણીમાં ભારે ચિંતાનું મોજું ફરી વળ્યું છે. બનાવની ગંભીરતાને ધ્યાને લઈને સ્થળ પર ઉપસ્થિત ગ્રામજનો દ્વારા તાત્કાલિક ૧૦૮ ઈમર્જન્સી એમ્બ્યુલન્સ બોલાવવામાં આવી હતી અને તેમને વધુ સારવાર અર્થે જોડિયાની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

મળતી માહિતી અનુસાર, વાવડી ગામમાં આવેલી સરકારી ખરાબાની જમીનમાં સ્થિત મંદિર પરથી વીજ કંપનીઓ દ્વારા ગેરકાયદેસર રીતે વીજલાઇન પસાર કરવામાં આવી રહી હોવાનો ગ્રામજનોનો આક્ષેપ છે. આ ધાર્મિક સ્થળની પવિત્રતા જાળવવા અને ખેડૂતોના હકની રક્ષા કરવા માટે નીરા મહારાજ ગઈકાલથી અન્નનો ત્યાગ કરીને સત્યાગ્રહ પર બેઠા હતા. પોતાના હક અને આસ્થા માટે શરૂ કરાયેલા આ આંદોલનને પગલે સ્થાનિક વિવાદ વધુ ઘેરો બન્યો છે. સતત બીજા દિવસે અન્ન અને જળના

અનુ પાના નં.૨ પર

# માધવપુર ઘેડમાં કન્યા પ્રાથમિક શાળાના નવનિર્માણની માંગ તેજ

## જિલ્લા કચેરી ખાતે આગેવાનો અને વાલી મંડળની રજૂઆત



**સમય સંદેશઃ પોરબંદર (સુભાષ માવદીયા દ્વારા)**

પોરબંદર જિલ્લાના માધવપુર ઘેડ ખાતે આવેલી શ્રી કન્યા પ્રાથમિક શાળાનું માધવરાયજી મંદિરના વિકાસ માટે ડેમોલેશન કરવામાં આવ્યા બાદ લાંબો સમય વીતી ગયો હોવા છતાં શાળાના નવનિર્માણની કામગીરી શરૂ ન થતાં વાલીઓ અને ગ્રામજનોમાં રોષ જોવા મળી રહ્યો છે.

આ અંગે માધવપુર ઘેડના આગેવાનો તથા વાલી મંડળના સભ્યો દ્વારા અગાઉ પણ ઉચ્ચ અધિકારીઓ સમક્ષ વારંવાર રજૂઆતો કરવામાં આવી હતી. તેમ છતાં નક્કર કાર્યવાહી ન થતાં આગેવાનો અને વાલી મંડળના સભ્યો જિલ્લા પંચાયત તથા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી (DPEO) કચેરી ખાતે પહોંચી આવેદનપત્ર આપ્યું હતું.

આ રજૂઆત દરમિયાન અધિકારીઓ દ્વારા ખાતરી આપવામાં આવી હતી કે માધવપુર ઘેડની જૂની પોલીસ ક્વાર્ટરની જગ્યાએ શ્રી કન્યા પ્રાથમિક શાળાનું નવનિર્માણ કરવા અંગે કાર્યવાહી કરવામાં આવશે. તેમજ તા. ૨૧ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ યોજાનારી સંકલન સમિતિની બેઠકમાં આ મુદ્દે ચોક્કસ કાર્યવાહી કરવામાં આવશે. વાલી મંડળ અને ગ્રામજનોની મુખ્ય માંગ છે કે બાળકોના શિક્ષણને વધુ નુકસાન ન થાય તે માટે શાળાના નવનિર્માણની પ્રક્રિયા તાત્કાલિક શરૂ કરવામાં આવે અને તેની સમયમર્યાદા જાહેર કરવામાં આવે.

ગ્રામજનોનું કહેવું છે કે માત્ર મૌખિક ખાતરીથી નહીં પરંતુ શાળાના નવનિર્માણ અંગેનો લેખિત નિર્ણય, સ્થળની મંજૂરી તથા બાંધકામની કામગીરી વહેલી તકે શરૂ કરવામાં આવે. બાળકોના શિક્ષણ અને જાહેર હિત સાથે જોડાયેલા આ મહત્વપૂર્ણ પ્રશ્ને હવે જિલ્લા તંત્ર દ્વારા શું નક્કર કાર્યવાહી કરવામાં આવે છે તેના પર માધવપુર ઘેડના ગ્રામજનો તથા વાલી મંડળની નજર રહેશે.

# લખતર અને માજોઠ પાસે અકસ્માતની બે ઘટનમાં યુવક અને આધેડનું નિપજ્યું મોત

**સમય સંદેશઃ જામનગર**

મૂળ મધ્યપ્રદેશ રાજ્યના અલીરાજપુર જિલ્લાના જોબટ તાલુકાના સીદગાવ ગામના વતની અને હાલ જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકાના માજોઠ ગામે વાડી વિસ્તારમાં રહેતાં ભંગડાભાઇ મીચરીયાભાઇ મોહનિયા (ઉ.વ.૪૦) નામનો પરપ્રાંતિય યુવાન ગઇકાલે પોતાનું એમપી-૬૯-એમઇ-૮૮૬૬ નંબરનું મોટરસાઇકલ લઇને સુધાધુના ગામથી સગાડિયા ગામ તરફ જઇ રહ્યો હતો. દરમિયાન અચાનક તેનું બાઇક સ્લીપ થતા અકસ્માત સર્જાયો હતો.

આ અકસ્માતમાં બાઇકચાલક ભંગડાભાઇ નીચે પટકાયતા તેને માથાના ભાગે ગંભીર ઇજા પહોંચતા તેનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું. આ બનાવ અંગે મૃત્તકના પત્ની કમલીબેન મોહનિયો પોલીસને જાણ કરતાં ધ્રોલ પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગયો હતો. પોલીસે મૃત્તદેહનો કબ્જો સંભાળી પીએમ સહિતની કાર્યવાહી કરાવી આ બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

અન્ય એક બનાવમાં જામનગર જિલ્લાના જોડિયા તાલુકાના લખતર ગામે રહેતાં ગગુભાઇ ભુરાભાઇ બોડા (ઉ.વ.૬૦) નામના આધેડ ગત તા.૩-૪-૨૦૨૬ ના રોજ પોતાનું જીજે-૧૦-સીબી-૪૫૪૯ નંબરનું મોટરસાઇકલ લઇને પોતાના ઘરેથી વાડી તરફ જઇ રહ્યાં હતાં. દરમિયાન વાડીના રસ્તે પહોંચ્યાં ત્યારે તેઓનું બાઇક સ્લિપ થતાં માથાના ભાગે અને મોઢાના ભાગે ગંભીર ઇજા પહોંચી હતી. જેથી ગગુભાઇને સારવાર અર્થે પ્રથમ ધ્રોલ ખાતેની હોસ્પિટલમાં લઇ જવાયા હતાં. જ્યાં વધુ સારવારની જરૂર જણાતા તેઓને જામનગરની હોસ્પિટલમાં અને ત્યારબાદ રાજકોટની હોસ્પિટલ ખાતે લઇ જવાયા હતાં. જ્યાં ચાર મહિનાની લાંબી સારવાર બાદ ગઇકાલે ગગુભાઇનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું.

આ બનાવ અંગે મૃત્તકના પુત્ર વિપુલભાઇ ગગુભાઇ બોડાએ પોલીસને જાણ કરતાં ધ્રોલ પોલીસ મથકના બી.એચ.લાંબરિયા સહિતનો સ્ટાફ રાજકોટની હોસ્પિટલ ખાતે પહોંચ્યો હતો. પોલીસે મૃત્તદેહનો કબજો સંભાળી પીએમ સહિતની કાર્યવાહી કરાવી આ બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

# જામનગરના ગુલાબનગરમાં મહિલાના ગળામાંથી સોનાના ચેઇનની ચીલઝડપ

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના ગુલાબનગર સ્થિત દયાનંદ ચિલઝડપની ઘટના સામે આવી સોસાયટીમાં રહેતા જયશ્રીબેન કિશોરભાઈ પરમાર નામના મહિલા પોતાના ઘર નજીકથી પસાર થઈ રહ્યા હતા. ત્યારે અજાણ્યા તસ્કરે ક્ષણવારમાં તેમની નજર ચૂકવીને ગળામાંથી સોનાની ચેઈન આંચકી લીધી હતી. મહિલાએ બૂમાબૂમ કરી મૂકી બનાવ બનતા જ છૂટવામાં સફળ રહ્યો હતો. હતી, પરંતુ તસ્કર આબાદ ભાગી પ્રાથમિક વિગત મુજબ આંચકી લેવાયેલા સોનાનો બે તોલાનો ચેઈન હતો. પોલીસે બનાવ અંગે ફરિયાદ નોંધવાના બદલે માત્ર અરજી લીધી હતી.

ઘટનાની જાણ થતાં જ પીડિત મહિલા જયશ્રીબેન પરમારે તાત્કાલિક સ્થાનિક પોલીસ સ્ટેશનનો સંપર્ક સાધ્યો હતો. પોલીસે બનાવ અંગે મહિલાની અરજી સ્વીકારી લીધી છે અને બાદમાં પોલીસે બે અજાણ્યા શખ્સ સામે ગુન્હો દાખલ કર્યો છે. પોલીસે ફરિયાદના આધારે ત્વરિત

અનુ પાના નં.૨ પર

# જામનગરઃ જાયન્ટ્સ પૂર્વમાં નોમિનેશન કમિટીના ચેરમેન તરીકે અતુલ મહેતાની સર્વાનુમતે વરણી



તસવીરઃ હિરેન ગાંધી



**સમય સંદેશઃ જામનગર**

જાયન્ટ્સ ગ્રુપ ઓફ જામનગરની જનરલ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં સેવાભાવી સીનિયર સિટીઝન જયેશભાઈ ખીમસૂર્યા તથા વિદેશ પ્રવાસે જઈ રહેલા પંકજભાઈ સોંદરવાને શુભેચ્છાઓ પાઠવી સન્માનિત કરવામાં આવ્યા હતા.

નોમિનેશન કમિટીના ચેરમેન તરીકે અતુલ મહેતાની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. તેમની સાથે સહયોગી તરીકે આશુતોષભાઈ ત્રિવેદી, કીર્તિભાઈ કેવલીયા, કમલભાઈ વ્યાસ અને ભરતભાઈ ભટ્ટનો સમાવેશ કરાયો છે. આ ઉપરાંત જાયન્ટ્સના વિકના ચેરમેન તરીકે જયંતિભાઈ જીવાણીની નિમણૂંક કરવામાં આવી છે.

જામનગરના જાણીતા એન્કર અને ક્વિઝ માસ્ટર રિદ્ધિબહેન પટેલ દ્વારા તમામ સભ્યો માટે ગીત-સંગીતના સંગાથે તંબોલા ગેમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે પારસ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા પ્રમુખ આશુતોષભાઈ ત્રિવેદી, યુનિટ ડાયરેક્ટર રમેશભાઈ ભટ્ટ, ઓફિસર સતીષભાઈ ભટ્ટ, મહામંત્રી આશિષભાઈ પુરોહિત, ખજાનચી મહેશભાઈ કલ્યાણી અને આઈપીપી કીર્તિભાઈ કેવલીયા સહિતના હોદ્દેદારોએ જહમત ઉઠાવી હતી.

# જામનગર મહાપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીની મળી બેઠકઃ વિવિધ વિકાસ કામો અંગે નિર્ણય



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીની અગત્યની બેઠક યોજાઈ, જેમાં શહેરના સર્વાંગી વિકાસ અને નાગરિક સુવિધાઓને વેગ આપતી વિવિધ શાખાઓની દરખાસ્તો પર આખરી નિર્ણય લેવાયા. આ બેઠકમાં ખાસ કરીને પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) ૨.૦ અંતર્ગત ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારો માટે આવાસ નિર્માણ તેમજ શહેરના વિભિન્ન વિસ્તારોમાં માળખાકીય સુવિધાઓ મજબૂત કરવા સંબંધિત મુદ્દાઓ મુખ્ય સ્થાને હતાં.

બેઠકના એજન્ડા મુજબ, પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ટી.પી. સ્કીમ નંબર ૩/બી માં ઊઠજ-૨ પ્રકારના કુલ ૫૮૩ આવાસોના બાંધકામ માટેની દરખાસ્ત મંજૂરી અર્થે રજૂ કરવામાં આવ્યા આ ઉપરાંત સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત વોર્ડ નં. ૩ અને વોર્ડ નં. ૧૩ ના ખાનગી સોસાયટી વિસ્તારો, ગુજરાત હાઉસીંગ બોર્ડ વસાહત અને અન્ય રહેણાંક વિસ્તારોમાં પેવર બ્લોક તથા સી.સી. રોડના કામો અને વોર્ડ નં. ૧૩ માં ડો. બાબાસાહેબ આંબેડકર કમ્યુનિટી હોલ બનાવવા અંગે નિર્ણય લેવાયો.

આ સાથે જ તબીબી સેવાઓને વધુ સુદ્રઢ બનાવવા અર્બન હેલ્થ સેન્ટર માટે મંજૂર થયેલી ગ્રાન્ટમાંથી તબીબી સાધનોની ખરીદી કરવા, પ્રાકૃતિક ખેડૂત હાટ ઉભી કરવા અને ટ્રાફિક વ્યવસ્થા સુગમ બનાવવા વિવિધ સ્થળે ફ્લાયઓવર બ્રિજ તેમજ ઓવરબ્રિજના કામો સંબંધિત નિર્ણયો લેવાયા.

# ધ્રોલના બેંક વેલ્યુઅરનું હૃદયરોગના હુમલાથી મોત

**સમય સંદેશઃ ધ્રોલ**

જામનગર જિલ્લાના ધ્રોલ શહેરના વૈજનાથ ચોક ફુલવાડી રોડ, સુકલ શેરી વિસ્તારમાં રહેતા ૫૯ વર્ષીય બેન્ક વેલ્યુઅર ગીરીશભાઈ કિશોરચંદ્રભાઈ ભુવાનું અચાનક તબિયત લથડતા મોત નિપજ્યું હતું. તા.૨૦ ઓગસ્ટના સવારે આશરે ૭:૩૦ વાગ્યાના અરસામાં ગીરીશભાઈને અચાનક વધુ પડતો શ્વાસ ઉપડતાં પરિવારજનો દ્વારા તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

જોકે સારવાર દરમિયાન તેમની તબિયત વધુ લથડતાં હૃદયરોગનો હુમલો આવતા તેમનું મોત નિપજ્યું હોવાનું ફરજ પરના તબીબે જાહેર કર્યું છે. જેને પગલે પરિવારજનોમાં શોકની લાગણી પ્રસરી હતી. આ અંગે રાજકોટના હાથીખાના વિસ્તારમાં રહેતા મૃતકના મોટા ભાઈ વિજયભાઈ કિશોરચંદ્રભાઈ ભુવાએ ધ્રોલ પોલીસને જાણ કરી હતી. પોલીસે તપાસ હાથ ધરી છે.

# જામનગરના ગાંધીનગરમાં યુવક ઉપર હુમલો

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના ગાંધીનગર સાઈબાબાના મંદિર પાછળના વિસ્તારમાં રહેતા ફરિયાદી પાર્થ રાજેશભાઈ સોલંકી (ઉ.વ. ૨૫) પોતાના ઘર બહાર મિત્રો સાથે બેઠા હતા ત્યારે આરોપી મયુરસિંહ સંજયસિંહ જાડેજા, ઇંદ્રજીતસિંહ ગોહીલ ઉર્ફે પેથો, નવલો માજોઠી, શબીર ઉર્ફે શબલો બેબો અને યશ ભાનુશાળી સહિતના શખ્સો બે બાઈક પર ત્યાં આવ્યા હતા. આ દરમિયાન આરોપીઓએ ફરિયાદી અને તેના મિત્રોની આંખમાં સ્પ્રે છાંટ્યો હતો. ત્યારબાદ એક આરોપીએ લોખંડના પાઈપ વડે ફરિયાદીના ડાબા પગના ઘૂંટણ નીચે ઘા માર્યો હતો. અન્ય આરોપીએ છરી વડે ફરિયાદીના જમણા હાથની આંગળીઓ તેમજ ડાબા હાથની કોણીના ભાગે ઈજા પહોંચાડી હતી. વધુમાં લોખંડના પાઈપ વડે હાથ, ખભા, પીઠ અને કાનના ભાગે માર મારતા ફરિયાદીને ગંભીર ઈજાઓ થઈ હતી. આરોપીઓએ ફરિયાદીને

અનુ પાના નં.૨ પર

# જામનગર-દ્વારકામાં વીજચોરી સામે પીજીવીસીએલની તવાઈ, ચાર દિવસમાં ૩૦૭ જેટલી ફરિયાદ દાખલ થઈ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ (PGVCL) દ્વારા વીજચોરી સામે લાલ આંખ કરીને વ્યાપક ચેકિંગ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. છેલ્લા ચાર દિવસથી બંને જિલ્લાના વિવિધ વિસ્તારોમાં વીજજોડાણોની ઝીણવટભરી તપાસ ચલાવવામાં આવી રહી છે, જેને પગલે વીજચોરોમાં ફફડાટ વ્યાપી ગયો છે. જામનગરમાં સોમવારથી ગુરુવાર સુધીના ચાર દિવસીય દરોડા દરમિયાન વીજચોરીના કુલ ૩૦૭ કિસ્સાઓ સામે આવ્યા છે, જે તમામ કેસમાં નિયમ મુજબ પોલીસ ફરિયાદો નોંધાવવાની કાર્યવાહી કરવામાં આવી છે. પીજીવીસીએલની વિવિધ ટીમો દ્વારા રહેણાંક મકાનો ઉપરાંત કોમર્શિયલ એકમો, હોટલો અને ઔદ્યોગિક સ્થળોએ પણ દરોડા પાડવામાં આવી રહ્યા છે. આ દરમિયાન વીજમીટરમાં ચેડાં કરીને અથવા ડાયરેક્ટ લંગરિયા નાખીને કરાતા ગેરકાયદે વીજવપરાશને ઝડપી પાડીને દંડનીય આકારણી બિલ ફટકારવામાં આવી રહ્યા છે. અગાઉ જામનગરના ગુલાબનગર વિસ્તારની દિલ્હી દરબાર હોટલમાંથી રૂ. ૧૦ લાખની વીજચોરી પકડાયા બાદ, ગઈકાલે સાપર ગામ નજીક હાઇવે પર આવેલી અન્ય એક હોટલમાં પણ દરોડો પાડીને રૂ. ૭.૫ લાખનું

અનુ પાના નં.૨ પર

# ધ્રોલ તાબેના ડૂમકામાં પત્ની સાથે બોલાચાલી બાદ યુવકનો આપઘાત

**સમય સંદેશઃ ધ્રોલ**

મૂળ દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના ડુમકા ગામના વતની અને હાલ જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકાના લતીપર ગામે મેપાભાઇ સવાભાઇ ચભાડિયાની વાડીએ રહી ખેતમજૂરીનું કામ કરતાં પ્રદિપભાઇ કરશનભાઇ પસાયા (ઉ.વ.૨૯) નામના યુવાન થોડાક દિવસ પહેલાં પોતાના વતનમાં ગયો હતો અને ત્યાં પાંચેક દિવસ રોકાયેલ હતો. વતનથી પરત ફર્યા બાદ બે દિવસ પહેલાં એટલે કે તા.૧૯ ના રોજ પ્રદિપભાઇને પોતાની પત્ની કમીબેન સાથે વતનમાં રોકાવાની બાબતને લઇને બોલાચાલી થઇ હતી. જેથી કમીબેન પોતાના ભાઇની વાડીએ જતા રહ્યાં હતાં. આ બાબતનું પ્રદિપભાઇને મનમાં લાગી આવતા

અનુ પાના નં.૨ પર

# વનતારાની ગવર્નિંગ કાઉન્સિલના સ્વતંત્ર અધ્યક્ષ તરીકે જોન ઈ. સ્કેનલોનની નિમણૂક



**સમય સંદેશઃ જામનગર**

વનતારાએ પોતાના સંરક્ષણ, પુનર્વસન અને પ્રાણી કલ્યાણના કાર્યોને વધુ પારદર્શક અને સુદ્રઢ બનાવવા માટે એક નવી પાંચ સભ્યોની ગવર્નિંગ કાઉન્સિલની રચના કરી છે. આ કાઉન્સિલના સ્વતંત્ર અધ્યક્ષ તરીકે CITESના પૂર્વ સેક્રેટરી-જનરલ અને પર્યાવરણ-વન્યજીવ સંરક્ષણના નિષ્ણાત જોન ઈ. સ્કેનલોનની નિયુક્તિ કરવામાં આવી છે. આ ગવર્નિંગ કાઉન્સિલ વનતારાના તમામ કમ્પ્લાયન્સ, પ્રાણી કલ્યાણ અને પ્રાણીઓની પ્રાપ્તિ અંગેના આખરી નિર્ણયો લેવા માટેની સર્વોચ્ચ સત્તા ધરાવશે.

આ વર્ષે એપ્રિલ મહિનામાં સ્કેનલોનને વનતારાની સમગ્ર કામગીરીનું સ્વતંત્ર મૂલ્યાંકન કરવા અને જરૂરી ભલામણો તૈયાર કરવા માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું. તેમના દ્વારા સુપ્રત કરવામાં આવેલા વિસ્તૃત અહેવાલ બાદ વનતારાએ તેમની તમામ ભલામણોનો સંપૂર્ણ અમલ કરવાનો નિર્ણય કર્યો છે. સ્કેનલોનના માર્ગદર્શન હેઠળ વનતારા હવે એક્સ-સિચ્યુ (Ex-situ) સંરક્ષણની સાથે-સાથે પ્રાણીઓના કુદરતી નિવાસસ્થાન એટલે કે ઇન-સિચ્યુ (In-situ) સંરક્ષણને પણ વૈશ્વિક સ્તરે વધુ પ્રોત્સાહન આપશે.

# જામનગર આરટીઓમાં ઓફલાઇન કામગીરી બંધ કરાતા ઉહાપોહ

**સમય સંદેશઃ જામનગર**

વાહનમાલિકી માટેની ઓફલાઇન પ્રક્રિયા બંધ કરી હવે ફરજિયાત આધાર-આધારિત પ્રમાણીકરણ સાથે પ્રક્રિયા ઓનલાઈન કરાઈ છે. આધાર કાર્ડ અને નોંધણી પ્રમાણપત્રો (આરસી બુક) પરની વિગતો ઘણીવાર અલગ અલગ ફોર્મેટમાં રેકોર્ડ હોવાથી અનેક અરજીઓમાં વિગતો મેળ ખાતી ન હોવાથી કામગીરી અટકી પડી છે. ત્યારે આરટીઓ કચેરીમાં નામ ટ્રાન્સફર અને એચપી કેન્સલ કામગીરીમાં પડતી મુશ્કેલીઓ અંગે જામનગર જિલ્લા ઓટો કન્સલ્ટન્ટ એસોસીએશન દ્વારા કલેકટર અને વાહન વ્યવહાર અધિકારીને લેખિત રજૂઆત કરાઈ છે.

જામનગર આરટીઓમાં વાહન નામ ટ્રાન્સફરને લગતી કામગીરી ટેકનીકલ કારણોસર બંધ હોવાથી તથા આધારકાર્ડ ફરજિયાત અમલી બનતા આધાર કાર્ડનુ ફોર્મેટ અને આરસી બુકનું ફોર્મેટ અલગ હોવાથી અરજદારો મુશ્કેલીમાં મુકાય છે. સમયસર વાહન માલીકી તબદીલ ન થવાને કારણે અકસ્માત અથવા અન્ય કાનુની પરિસ્થીતીમાં અગાઉના માલીકને ગંભીર મુશ્કેલી તથા આર્થીક નુકસાન વેઠવું પડે છે. વધૂમાં નામ ટ્રાન્સફર ન થવાથી નવા માલીકને બેન્ક લોન પ્રક્રિયામાં પણ સમસ્યા આવે છે. જેથી આ સમસ્યાનું નિવારણ આવે તે દિશામાં નિર્ણય અંગે અંતમાં માંગ કરાઈ છે.મહત્વનું છે કે, જામનગર આર.ટી. ઓ. કચેરીમાં અગાઉ દરરોજ અંદાજે ૧૨૫થી ૧૫૦ જેટલી ઓનલાઈન અરજીઓ આવતી હતી, જ્યારે હવે આધાર ઓથેન્ટિકેશન ફરજિયાત બનતાં અરજીઓનો આંકડો એકાએક ઘટી ગયો છે. અગાઉ વાહન ટ્રાન્સફર માટે આધાર આધારિત કેવાયસી

અનુ પાના નં.૨ પર

# ભાવનગર લઠ્ઠાકાંડના વિરોધમાં ગૃહમંત્રીના રાજીનામાની માંગ સાથે જામનગરમાં કોંગ્રેસના ધરણાં

## પૂર્વ સાંસદ વિક્રમ માડમનો સરકાર અને પોલીસ તંત્ર પર આકરો પ્રહાર, તમામ જિલ્લા પૉલીસ વડાને દારૂબંધી અંગે ખુલ્લો પડકાર ફેંક્યો











તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

ભાવનગર લઠ્ઠાકાંડની ગંભીર ઘટનાને પગલે સમગ્ર રાજ્યમાં આક્રોશનો માહોલ છે, ત્યારે જામનગરમાં જિલ્લા કોંગ્રેસ દ્વારા લાલ બંગલા પરિસરમાં વિરોધ પ્રદર્શન અને ધરણાંનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રદર્શન દરમિયાન કોંગ્રેસના કાર્યકરોએ કડક સૂત્રોચ્ચાર કરીને રાજ્યના ગૃહમંત્રીના રાજીનામાની ઉગ્ર માંગ કરી હતી. વિરોધને વધુ ધારદાર બનાવવા માટે કાર્યકરો દેશી દારૂની પ્રતીકાત્મક કોથળીઓ અને બોટલો સાથે રાખીને સરકાર તથા પોલીસ પ્રશાસન વિરુદ્ધ મેદાને પડ્યા હતા. આ ધરણાં પ્રદર્શનમાં પૂર્વ સાંસદ વિક્રમ માડમ, શહેર પ્રમુખ દિગુભા જાડેજા સહિત મોટી સંખ્યામાં આગેવાનો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

ધરણાં પ્રદર્શન દરમિયાન કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને પૂર્વ સાંસદ વિક્રમ માડમે સરકાર અને પોલીસ પ્રશાસન પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, લઠ્ઠાકાંડમાં ૯ લોકોના મોત થયા છે અને ૪૫થી વધુ લોકો હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. વધુમાં તેમણે ગુજરાતના તમામ એસપી અને ઉચ્ચ પોલીસ અધિકારીઓને ખુલ્લી ચેલેન્જ આપતા કહ્યું કે, જો કોઈ જિલ્લામાં દારૂ ન વેચાતો હોય કે ન બનતો હોય તો મને કહો, હું દરેક જગ્યાએ દારૂ બને છે, વેચાય છે અને પીવાય છે તે સાબિત કરી દેવા તૈયાર છું. તેમણે ઉમેર્યું કે ગાંધીના ગુજરાતમાં ગલીએ ગલીએ દારૂ વેચાય છે અને હોમ ડિલિવરી થઈ રહી છે. વિક્રમ માડમે વધુમાં આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું કે, દેશી

અનુ પાના નં.૨ પર

### સસ્તા સોનાની લે-વેચના મુદ્દે લાખોની છેતરપિંડીના વિવાદમાં ભરબપોરે ઓવરબ્રિજ ઉપર બની ફિલ્મી ઢબે ઘટના

# જામનગરમાં સરાજાહેર કોન્ટ્રાક્ટર યુવાન ઉપર ખૂની હુમલો કરી હત્યાનો પ્રયાસ

## આરોપીઓએ કોન્ટ્રાક્ટર યુવાનની કાર આંતરી પાઈપ, છરી અને ઢોકા વડે કર્યો હુમલોઃ ગંભીર ઈજા પહોંચતા યુવકને સારવાર માટે હોસ્પિટલ ખસેડાયોઃ ભાજપના પૂર્વ કોર્પોરેટરના ભાઇ ઉપરની હુમલાની ઘટના બાદ પોલીસ દોડી

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના સાત રસ્તા પાસે આવેલા નવા ફ્લાયઓવર બ્રિજ પર પૈસાની લેતીદેતીના જૂના મનદુઃખને કારાણે એક કોન્ટ્રાક્ટર પર ધોળા દિવસે ફિલ્મી ઢબે જીવલેણ હુમલો કરવામાં આવ્યો હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. શંકરટેકરી વિસ્તારમાં રહેતા કોન્ટ્રાક્ટર પ્રકાશભાઈ મગનભાઈ ગોહીલ પોતાની કાર લઈને જઈ રહ્યા હતા ત્યારે બ્રિજ પર જકાતનાકા વળાંક પાસે ફોર્ચ્યુનર કાર આડે ઊભી રાખી તેમની કાર રોકી દેવામાં આવી હતી. ત્યારબાદ કારમાંથી ઉતરેલા શખ્સોએ લોખંડના પાઈપ, છરી અને લાકડાના ધોકા વડે બેફામ માર મારતાં કોન્ટ્રાક્ટર લોહીલુહાણ થઈ ગયા હતા. ભોગ બનનાર કોન્ટ્રાક્ટર ભાજપના પૂર્વ કોર્પોરેટરના ભાઈ હોવાનું સામે આવ્યું છે.

ઘટના અંગે નોંધાયેલી વિગતો અનુસાર, ફોર્ચ્યુનર કારમાંથી હાજી હમીર ખફી ઉર્ફે લાંબો અને શિવરાજસિંહ મહેન્દ્રસિંહ જાડેજા નીચે ઉતર્યા હતા. આરોપી હાજીના હાથમાં લોખંડનો પાઈપ અને શિવરાજસિંહના હાથમાં છરી હતી. બંનેએ કોન્ટ્રાક્ટરને બહાર ખેંચી ગાળો આપી હુમલો કર્યો હતો. તેવામાં સ્કૂટર પર અન્ય બે અજાણ્યા શખ્સો લાકડાના ધોકા સાથે આવી પહોંચ્યા હતા અને ચારેય શખ્સોએ ભેગા મળી તૂટી પડ્યા હતા. માથામાં ગંભીર ઘા વાગતાં માથું ફાટી ગયું હતું અને લોહીલુહાણ હાલતમાં તેમને ૧૦૮ મારફતે જી.જી. હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં માથામાં સાત ટાંકા આવ્યા હતા તેમજ હાથ અને કમરના મણકાના ભાગે ફ્રેક્ચર જેવી ગંભીર ઈજાઓ પહોંચી હતી.

આ જીવલેણ હુમલા પાછળ સસ્તા સોનાના ડીલિંગનો જૂનો વિવાદ કારણભૂત હોવાનો ફરિયાદમાં આક્ષેપ કરાયો છે. વર્ષ ૨૦૧૮માં ફરિયાદીના મોટા ભાઈ અને વોર્ડ નં. ૧૫ના ભાજપના પૂર્વ કોર્પોરેટર જયંતીભાઈ ગોહિલે ભીખુભાઈ ટાકોદરા પાસેથી ઓછી કિંમતે સોનાના બિસ્કિટ લેવા માટે રૂ. ૧૪ લાખ આપ્યા હતા. જોકે સોનું કે પૈસા પરત ન મળતાં રકમ વસૂલવા માટે રવીરાજે અયાઝ મારફતે હાજી હમીર ખફી અને શિવરાજસિંહનો સંપર્ક કરી વસૂલાત ખર્ચ પેટે રૂ. ૫ લાખ આપવાનું નક્કી કર્યું હતું. પરંતુ પાછળથી બંને પક્ષે સમાધાન થઈ જતાં હાજી અને શિવરાજસિંહને નક્કી કરેલી રકમ મળી ન હતી. આ પૈસા ન મળવાના કારણે બંને આરોપીઓ અવારનવાર ધમકીઓ આપતા હતા અને હુમલાના ત્રણ-ચાર દિવસ પહેલાં પણ બોલાચાલી થઈ હોવાનું ખુઈવચર આવ્યું છે. આ મનદુઃખનો ખાર રાખીને આયોજનબદ્ધ રીતે આ જીવલેણ હુમલો કરવામાં આવ્યો હોવાની ફરિયાદના આધારે પોલીસે બે નામજોગ (હાજી હમીર ખફી અને શિવરાજસિંહ જાડેજા) તથા બે અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધી આરોપીઓને ઝડપી પાડવા માટે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

# જામનગરમાં પાંચમા દિવસે પણ પીજીવીસીએલની વીજચોરી



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

પીજીવીસીએલ દ્વારા જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વીજચોરી અને વીજગેરરીતિ સામે શરૂ કરવામાં આવેલી સઘન ચેકિંગ ઝુંબેશ સતત પાંચમા દિવસે પણ યથાવત રહી હતી. શુક્રવારે જામનગર શહેરના લીમડા લાઇન, બેડી ગેટ, મકરાણી પરા સહિતના વિસ્તારોમાં વીજજોડાણોની તપાસ કરવામાં આવી હતી. છેલ્લા પાંચ દિવસથી અલગ-અલગ ચેકિંગ ટીમોને સતત મેદાનમાં ઉતારી વીજજોડાણોની ઝીણવટભરી ચકાસણી હાથ ધરવામાં આવી રહી છે.

જામનગર શહેર ઉપરાંત આજે જામજોધપુરમાં પણ અલગ-અલગ ટીમો દ્વારા ચેકિંગ કરવામાં આવ્યું હતું. બીજી તરફ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ખંભાળિયા અને દ્વારકા સહિતના વિસ્તારોમાં પણ પીજીવીસીએલની ટીમો દોડતી રહી હતી. પાંચ દિવસથી ચાલી રહેલી આ ઝુંબેશને પગલે વીજચોરી કરતા તત્વોમાં ફફડાટ ફેલાયો છે. આજની કામગીરી દરમિયાન લીમડા લાઇન, બેડી ગેટ અને મકરાણી પરા સહિતના વિસ્તારોમાં વીજજોડાણોની ચકાસણી હાથ ધરાઈ હતી. ચેકિંગ દરમિયાન વીજચોરી અથવા વીજવપરાશમાં ગેરરીતિ મળી આવે તેવા કિસ્સામાં નિયમ મુજબ કાર્યવાહી કરવામાં આવી રહી હોવાનું જાણવા મળ્યું છે. પીજીવીસીએલ દ્વારા બંને જિલ્લાઓમાં અલગ-અલગ ટુકડીઓને સતત દોડાવી આગામી દિવસોમાં પણ ચેકિંગની કાર્યવાહી ચાલુ રાખવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

# જામનગરમાં દેશી દારૂના હાટડા ઉપર પૉલીસે બોલાવી ધોંસ

## ૧૭ કેસ ગણતરીની કલાકોમાં કર્યા : ૧૪૨ લીટર દારૂ, ૬૦૦ લીટર આથો જપ્ત કરી નાશ કરાયો

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લા પોલીસ દ્વારા બુટલેગરો તેમજ જુગાર, મારામારી અને મિલકત સંબંધી ગુનાઓમાં સંડોવાયેલા આરોપીઓ સામે કડક કાર્યવાહી કરવાના ભાગરૂપે સ્પેશ્યલ કોમ્બિંગ ડ્રાઇવ હાથ ધરવામાં આવી હતી. આ ડ્રાઇવ દરમિયાન પોલીસે દેશી દારૂના ક્ષેત્રે લાલ આંખ કરીને પ્રોહિબિશનના કુલ ૧૭ કેસ નોંધ્યા હતા. કાર્યવાહી દરમિયાન ૧૪૨ લીટર તૈયાર દેશી દારૂનો જથ્થો કબજે કરવામાં આવ્યો હતો, જ્યારે ૬૦૦ લીટર કાચો આથો સ્થળ પર જ નષ્ટ કરી દેવામાં આવતા અસામાજિક પ્રવૃત્તિઓ આચરતા શખ્સોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.



તસવીરઃ હિરેન ગાંધી

શહેરના દિગ્જામ સર્કલ અને બાવરીવાસ વિસ્તારમાં સીટી 'સી' ડિવિઝન પોલીસ, એલસીબી, એસઓજી તથા પેરોલ-ફર્લો સ્ક્વોડના સંયુક્ત કાફલા દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા. આ દરોડા દરમિયાન રૂ. ૨૮,૪૦૦ની કિંમતનો ૧૪૨ લીટર દેશી દારૂ અને રૂ. ૩૫,૦૦૦ની કિંમતનો દારૂ બનાવવાનો ૬૦૦ લીટર કાચો આથો જપ્ત કરી તેનો નાશ કરાયો હતો. આ ઉપરાંત, પોલીસે મિલકત સંબંધી ગુનાના ૯ આરોપીઓ, ૧ એમસીઆર ઇસમ અને ૨૫ જેટલા પ્રોહિબિશન બુટલેગરોની ચકાસણી હાથ ધરી હતી તેમજ શંકાસ્પદ ૪૫ વાહનોનું ચેકિંગ પણ કર્યું હતું.

આ સમગ્ર સફળ કામગીરી એલસીબી/એસઓજી પીઆઈ વી.બી. ચૌધરી, સીટી 'સી' ડિવિઝન પીઆઈ એચ.વી. રાઠોડ, એલસીબી પીએસઆઈ એમ.વી. ભાટિયા અને એસઓજી પીએસઆઈ એલ.એમ. ઝેરની આગેવાની હેઠળ પોલીસ સ્ટાફ દ્વારા પાર પાડવામાં આવી હતી. આગામી દિવસોમાં પણ ગુનાખોરી અટકાવવા અને અસામાજિક તત્વો પર લગામ કસવા માટે આ પ્રકારની સઘન કોમ્બિંગ ડ્રાઇવ યથાવત રાખવામાં આવશે તેમ પોલીસ સૂત્રો દ્વારા જણાવવામાં આવ્યું છે.

# ભાવનગરના લઠ્ઠાકાંડનો પડઘોઃ જામનગરમાંથી દારૂ ઝડપાયો

## લાલપુર રોડ ઉપર ચેલા ગામ નજીકથી પસાર થઇ રહેલ પેસેન્જર વાહન ટેમ્પો ટ્રાવેલરને અટકાવી તલાશી લેવાતા ૨૦૬૫ ચપલા દારૂ ઝડપાયો : વાહનચાલકની ધરપકડ કરતી જામનગર એલસીબી





તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

ભાવનગર લઠ્ઠાકાંડને પગલે સમગ્ર રાજ્યમાં પોલીસ તંત્ર એલર્ટ મોડ પર છે ત્યારે જામનગર એલસીબી પોલીસે દારૂની હેરાફેરી સામે મોટી સફળતા મેળવી છે. લાલપુર રોડ પર આવેલા ચેલા ગામ નજીક પેસેન્જર વાહનની આડમાં ટેમ્પો ટ્રાવેલરમાં થતી દારૂની ગેરકાયદે સપ્લાયનો પોલીસે પર્દાફાશ કર્યો છે. પોલીસે ટેમ્પોની સીટ નીચે વિશેષરૂપે બનાવવામાં આવેલા ચોરખાનામાંથી ૨૦૬૫ નંગ દારૂના ચપલા જપ્ત કરીને એક શખ્સની સ્થળ પરથી જ ધરપકડ કરી છે.

એલસીબી પીઆઈ વી.બી. ચૌધરીની દેખરેખ હેઠળ પીએસઆઈ એમ.વી. ભાટિયા તથા સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. તે દરમિયાન ઘનશ્યામભાઈ ડેરવાળીયા, અરજણભાઈ કોડીયાતર, ધર્મેન્દ્રસિંહ જાડેજા અને કિશોરભાઈ પરમારને મળેલી ચોક્કસ બાતમીના આધારે ચેલા ગામ પાસે આવેલા એશ્વરિયા ફાર્મ નજીક વોચ ગોઠવવામાં આવી હતી. આ દરમિયાન શંકાસ્પદ ટેમ્પો ટ્રાવેલર્સ (નં. જીજે-૧૯-ડ-૫૫૫૪) ને અટકાવીને તપાસ કરતા સીટ નીચે સંતાડેલો વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો.

પોલીસે ઘટનાસ્થળેથી રૂ. ૨,૦૬,૫૦૦ની કિંમતના દારૂના ચપલા, રૂ. ૫,૦૦૦નો મોબાઈલ ફોન અને રૂ. ૮ લાખની કિંમતનો ટેમ્પો ટ્રાવેલર્સ મળી કુલ રૂ. ૧૦,૧૧,૫૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. આ મામલે દરેડ ગામ ખાતે રહેતા ટેમ્પો ચાલક વિજયસિંહ બહાદુરસિંહ જાડેજા (ઉંમર ૪૪) ની અટકાયત કરવામાં આવી છે. પ્રાથમિક તપાસમાં દારૂનો આ જથ્થો સેલવાસના નરોલી વિસ્તારના અમિત નામના શખ્સે મોકલ્યો હોવાનું ખૂલતાં પોલીસે તેને ઝડપી પાડવા ચક્ર ગતિમાન કર્યાં છે.

# જામનગર પંથકમાં જુગારના ત્રણ દરોડામાં ૧૩ શખ્સો ઝડપાયા-૪ ફરાર



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

શ્રાવણ મહિનો શરૂ થતાંની સાથે જ જામનગર જિલ્લામાં સક્રિય થયેલા જુગારીઓ સામે પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી છે. ગઈકાલે પોલીસે જિલ્લાના ત્રણ અલગ-અલગ સ્થળોએ ચાલી રહેલા શ્રાવણિયા જુગાર પર દરોડા પાડીને કુલ ૧૩ જુગારીઓને ઝડપી લીધા હતા, જ્યારે દરોડા દરમિયાન નાસી છૂટેલા ૪ શખ્સોને ફરારી જાહેર કરવામાં આવ્યા છે. પોલીસે આ દરોડા દરમિયાન સ્થળ પરથી રૂ. ૩૦ હજારથી વધુની રોકડ રકમ કબજે કરી તમામ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પંચકોશી 'એ' ડિવિઝન પોલીસે અલિયાબાડા ગામે સિતારામનગર સરકારી સ્કૂલ પાસે જાહેરમાં તિનપત્તીનો જુગાર રમતા કિશોરભાઇ સોલંકી (ઉ.વ. ૫૪), સુરેશભાઇ રાઠોડ (ઉ.વ. ૪૦), નરેશભાઇ પરમાર (ઉ.વ. ૪૫), ભરતભાઇ રાઠોડ (ઉ.વ. ૩૫) અને નવીનભાઇ ચુડાસમા (ઉ.વ. ૫૪) નામના પાંચ શખ્સોને રૂ. ૧૦,૩૪૦ની રોકડ સાથે ઝડપી લીધા હતા. બીજી તરફ કાલાવડ પોલીસે વીરવાવ ગામે જુગાર રમતા

અનુ પાના નં.૨ પર

# સોલાર પ્લાન્ટમાંથી થયેલી કોપર પ્લેટની ચોરીનો ભેદ ઉકેલાયો

## લાલપુર તાલુકાના નવાગામમાં થયેલ ચોરીના મામલે પોલીસે આરોપી બેલડીને ચોરાઉ મુદામાલ સાથે ઝડપી પાડી

**સમય સંદેશઃ લાલપુર**

લાલપુર તાલુકાના નવાગામ સિમ વિસ્તારમાં આવેલી ખાનગી કંપનીના સોલાર પ્લાન્ટમાં થયેલી ચોરીનો મેઘપર પોલીસે ગણતરીના સમયમાં ભેદ ઉકેલી નાખ્યો છે. સોલાર પ્લાન્ટ ખાતે આવેલી એક્સેલ કંપનીના સ્ટોરરૂમનું તાળું તોડી અજાણ્યા તસ્કરો અંદર પ્રવેશ્યા હતા અને ત્યાંથી રૂ. ૯૬ હજારની કિંમતની ૧૫ કોપર (તાંબા) ધાતુની પ્લેટોની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. આ બનાવ અંગે કંપનીના પ્રતિનિધિ કૃણાલ નિરેન્દ્ર ચક્રવર્તી (રહે. જામનગર) દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવી હતી. ફરિયાદના આધારે ત્વરિત તપાસ હાથ ધરીને મેઘપર પોલીસે ચોરીમાં સંડોવાયેલા બે આરોપીઓ મહેબુબ ગુલામભાઈ ઉર્ફે સલીમભાઈ ખલીફા (રહે. સિક્કા ગામ) અને ગોપાલસિંહ ભંવરસિંહ રાવણા (રહે. ચંગા પાટીયા, મૂળ રાજસ્થાન) ને ઝડપી પાડ્યા છે. પોલીસે આરોપીઓ પાસેથી ચોરીમાં ગયેલી તમામ ૧૫ કોપર પ્લેટો કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



# દ્વારકાના નવી ધ્રેવાડની મહિલાએ ઝેર પીતા મોત

**સમય સંદેશઃ દ્વારકા**

દ્વારકા તાબેના નવી ધ્રેવાડ ગામે રહેતા શોભનાબેન જશરાજભા માણેક નામના ૩૫ વર્ષના હિન્દુ વાઘેર મહિલા છેલ્લા કેટલાક સમયથી માનસિક રીતે બીમાર રહેતા હોય, આ વચ્ચે ગત તા. ૧૩ ઓગસ્ટના રોજ તેમણે પોતાના હાથે ઝેરી દવા પી લેતા તેમને વધુ સારવાર અર્થે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નિપજ્યું હતું. મૃતક મહિલાનો લગ્ન ગાળો ૧૫ વર્ષનો હતો અને તેઓ સંયુક્ત કુટુંબમાં રહેતા હતા. આ બનાવ અંગેની જાણ દ્વારકાના રહીશ વેજાભા માયાભા સુમણીયાએ દ્વારકા પોલીસને કરી છે.

PRINTER / PUBLISHER / OWNED BY RATHOD ASHOK LALJI * PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR,
DIST.: JAMNAGAR, GUJARAT. * PUBLISHED AT SADHNA COLONY, GATE NO.1, OPP. JALARAM MANDIR, PLOT NO.3, NEAR L-4, RANJITSAGAR ROAD, JAMNAGAR-361005.
EDITOR : RATHOD ASHOK LALJI * Mo.No:8866066060 E-MAIL :samaysandeshnewstv@gmail.com